માર્ચ-2015 : ગુજરાતી (001) (ગુજરાતી માધ્યમ) ધોરણ 10

01 GUJARTI FIRST LANGUAGE MARCH 2015 OMR ANSWERS

| Q | correct answer | Q | correct answer | Q | correct answer | Q | correct answer |
|---|---|---|---|---|---|---|---|
| 1 | B | 16 | C | 31 | C | 46 | D |
| 2 | B | 17 | B | 32 | B | 47 | A |
| 3 | C | 18 | D | 33 | C | 48 | C |
| 4 | D | 19 | D | 34 | B | 49 | D |
| 5 | B | 20 | D | 35 | B | 50 | B |
| 6 | C | 21 | C | 36 | B | | |
| 7 | A | 22 | C | 37 | B | | |
| 8 | A | 23 | D | 38 | A | | |
| 9 | D | 24 | D | 39 | D | | |
| 10 | C | 25 | C | 40 | D | | |
| 11 | A | 26 | A | 41 | C | | |
| 12 | D | 27 | D | 42 | D | | |
| 13 | A | 28 | A | 43 | C | | |
| 14 | D | 29 | B | 44 | D | | |
| 15 | B | 30 | D | 45 | B | | |

વિભાગ..................

## વિભાગ - A

* પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર :–

1. "ચક્ષુઃશ્રવા" શીર્ષકની યથાર્થતા :–

કૃતિ ચક્ષુઃશ્રવા
કર્તા : ચંદ્રકાન્ત બક્ષી
સાહિત્ય પ્રકાર : નવલિકા
સંદર્ભ ગ્રંથ : "~~આથરકામાં માછલી~~"
"ચંદ્રકાન્તબક્ષીની વાર્તા"

પાલનપુરમાં જન્મેલા એવા લેખક શ્રી ચંદ્રકાન્ત કેશવલાલ બક્ષી ની પ્રસ્તુત કૃતિ એ તેમના વાર્તાસંગ્રહ "~~આથરકામાં માછલી~~" માંથી લેવામાં આવી છે. ગુજરાતી સાહિત્યમાં લેખકનું ખૂબ ઉત્કૃષ્ટ નામ છે. પ્રસ્તુત નવલિકામાં લેખકે ઐતિહાસિક ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. તથા કીરાઃ અને હાહાબુ વચ્ચેનો સંબંધ ખૂબ ઉત્કૃષ્ટ રીતે વર્ણવ્યો છે. આથી જ કહેવાનું મન થાય છે.

વિભાગ..................

"દાદાની શક્તિ તો છે, સામાન્ય લોકોથી સવાઈ
આંખોથી સાંભળવાની, વૃત્તિ જોઈ કોશાને લાગી નવાઈ!"

વાર્તામાં દાદા અને કોશા વચ્ચે ચોર્યાશી વર્ષનો ફરક હતો. કોશાને પણ દાદાજી સાથે ખૂબ બનતું હતું. દાદાની ઉંમર થવાથી તેઓ પોતાની પ્રપૌત્રી કોશાને આંખથી સાંભળતા હતા. ત્યારે કોશાને નવાઈ લાગતી ત્યારે દાદાજી તેને સમજાવતા કહેતા કે સાપને કાન હોતા નથી. જેમ મદારી બીન વગાડે છે. તેમ તે ડોલ્યા કરે છે. મદારી સ્થિર થઈ જાય તો સાપ પણ સ્થિર થઈ જાય. આમ, સાંપને કાન હોતા નથી. તે માત્ર આંખથી જોયા કરે છે. આથી તેને "ચક્ષુઃશ્રવા" કહે છે. વ્યક્તિની ઉંમર થાય તો તે કાનને બદલે આંખથી સાંભળે છે. કોશાએ આ વાત તેના સ્કૂલના મિત્રો જણાવી."તમને ખબર છે. મારા ડેડીના ડેડીના ડેડી કાનથી નથી સાંભળતા આંખથી સાંભળે છે." આમ, વાર્તાના અંતે દાદાએ કાયમને માટે આંખ બંધ કરી લીધી. ત્યારે કોશા દાદાને કહે છે. "દાદા ઉઠો આજે મારે જલ્દી છુટ્ટી થઈ ગઈ છે." પરંતુ દાદા ઊઠતા નથી. ત્યારે કોશા કહે છે. દાદાએ આંખ બંધ હોવાથી તેઓ સાંભળી શકતા નથી." આમ, વાર્તાનો અંત ખૂબ હૃદયસ્પર્શી છે. આથી, કહેવાનું મન થાય છે.

"રાજા-મહારાજાની ઈમારત જોઈ છે દાદાએ
નીડ-નામદારની ઈબાદત જોઈ છે દાદાએ"

આમ, વાર્તામાં "ચક્ષુઃશ્રવા" શબ્દ મધ્યમાં હોવાથી 'ચક્ષુઃશ્રવા' શીર્ષક યોગ્ય છે.

વિભાગ.................

* ટૂંકમાં ઉત્તર :-

2. જે સ્ત્રી નીતીની કેળવણી લેશે તે અંગે નર્મદ જણાવે છે કે શું કેળવણી લીધા વિનાની સ્ત્રી એ કાળા કર્મ કરતી નથી.? નીતીના બોધની ખામી તથા કુસંગને કારણે તે કુકર્મ કરે છે. જો કેળવણી લીધેલી સ્ત્રી કાળા કર્મ કરે તો તે સ્ત્રી કેળવણી લીધા વિનાની જ જણાશે.

3. મહુડાના ઘણાં ઉપયોગો છે. મહુડામાંથી દારૂ બનાવવામાં આવે છે. મહુડાના ચૂર્ણને સુકવી તેને ગોળ સાથે ખાવાથી આનંદ જ કંઈ ઓર હોય છે. મહુડાના પાંદડાને સુકવીને ચોમાસામાં બળદને આંડીને ખવડાવવાથી બળદનો થાક ઉતરી જાય છે. મહુડાના ફળને સુકવીને તેના તેલમાંથી સાબુ બનાવવામાં આવે છે.

વિભાગ..................

6

પ્રશ્ન ક્રમાંક

5. 'કુંજલડી રે' લોકગીત:—

કૃતિ: 'કુંજલડી રે'
કર્તા: —
સાહિત્યપ્ર: લોકગીત
સંદર્ભ ગ્રંથ: 'રઢિયાળી રાત'

ગુજરાતી સાહિત્યમાં લોકગીતોનું પણ કંઈક આગવો જ મહિમા હોય છે. લોકગીતના કોઈ કવિ કે લેખક હોતા નથી. સામાજિક પ્રસંગો, લગ્નો વગેરે પ્રસંગોમાં લોકો દ્વારા રચાયેલા ગીતોને "લોકગીત" કહે છે. પ્રસ્તુત લોકગીત એ "રઢિયાળી રાત" નામના સંકલનમાંથી લેવામાં આવ્યુ છે. આ લોકગીતમાં પતિમીલનને ઝંખતી પત્ની તથા તેના દારૂણ પ્રત્યયો રીતે વર્ણવ્યો છે.

નાયિકા પતિમિલનને ઝંખે છે. આથી, તે કુંજલડીને પોતાનો સંદેશો પતિને આપવા જણાવે છે. ત્યારે કુંજલડીએ વિમાસણમાં મુકાય છે. તે માણસની જેમ મોટેમોટ વાત કરી શકતી નથી. તે નાયિકાને સંદેશો પોતાની પાંખ પર લખવા જણાવે છે પત્ની તેની પાંખ પણ લખે છે. જેમ કુંજલડીને તેનો મીઠો મહેરામણ, રામ-લક્ષ્મણજીને સીતાજી, ગોપીઓને શ્રીકૃષ્ણ વહાલા છે. તેમ તમે અમને વહાલા છો. તમે પ્રીતસાગર છો. અને અમે પ્રીતકાંઠાના પંખી તમારા વિનાં સુના છીએ. તમે પાછા

વિભાગ..................

7

આવે ત્યારે મારે ગળામાં પહેરવાનું ઝરમર, રત્નજડિત ગુજરી, મોતી પરોવેલી તુલસીની માળા, પગમાં પહેરવા માટે રૂપાના કડલા તથા ઝાંઝરા લગાવેલી કાંબી લઈ આવજે. આમ, આ લોકગીતમાં પત્નીનો તેના પતિ પ્રત્યેનો પ્રેમ તથા તેના ઘરેણા પહેરવાનો શોખ વ્યક્ત થયો છે.

5. "મન નો ડગે" ગંગાસતી સાચા ભક્તનું પ્રમાણ આપતા જણાવે છે કે ભલે કદાચ મેરુ જેવો પર્વત ડગી જાય, આખું બ્રહ્માંડ નાશ પામે અર્થાત્ ભુવનમાં ગમે તેવી મુશ્કેલી આવી પડે ત્યારે સાચા ભક્તનું મન કદી ડગી જતું નથી. તેની ઈશ્વરમાં શ્રદ્ધા અડગ રહે છે. તેને સુખનો કેફ ચડતો નથી, દુઃખમાં ક ભાંગી પડતો નથી. તેને કોઈ અભિમાન આવતું નથી. તે દિવસ-રાત આનંદમાં જ રહે છે.

6. "જૂનું પિયરઘર" કાવ્યમાં નાયિકાને પોતાની મીઠુ મધુર હસતી માં, તેના પ્રતિભાશાળી પિતાજી તથા વાર્તા કરીને બાળકોને ખુશ કરી દેતા અને કમરેથી વાંકા વળી ગયેલી તેની દાદી તેમજ તેના ભાઈબહેન અને મિત્રો સાથે રમેલી સંતાકુકડીની રમત યાદ આવે છે.

વિભાગ.................

## વિભાગ-B

*** સંક્ષેપીકરણ :—**

૭. **"ઊંચું જીવનધોરણ"**

આજે ઊંચા જીવનધોરણની વ્યાખ્યા જ બદલાય ગઈ છે. જૂના વખતમાં પ્રામાણિક, પવિત્ર, બ્રહ્મચારી જીવનને ઊંચું જીવનધોરણ ગણાતું. ઊંચા જીવનધોરણ વિશેના આપણાં અને પશ્ચિમના ખ્યાલો બદલાયા છે. ઈશ્વરે આપણને બે હાથ આપ્યા છે. મોઢા વધવાથી હાથ ઘરતા જાય છે. હાથનો સાચો ઉપયોગ થવાથી કોઈ દિવસ તંગી વરતાતી નથી.

*** અર્થવિસ્તાર :—**

૮. "ઊંચી નીચી કર્યા કરે, જીવનની ઘટમાળ,
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ."

પૂનમના ચંદ્રની ચાંદનીની જેમ શીતળતા આપતી આ પંક્તિમાં કવિવરે માનવજીવનની અનિશ્ચિતતા વિશે વાત કરી છે.

મનુષ્યનું જીવન એ અનિશ્ચિતતાથી ભરેલું છે. આપણા નસીબનું ચક્ર ચાલ્યા કરે છે. અહીં, કવિએ દરિયાના ઉદાહરણ દ્વારા, સચોટ રીતે વ્યક્ત કર્યું છે. દરિયામાં કોઈ દિવસ આનંદ આપતા મોજાં ઉછળે છે

વિભાગ..................

તો કોઈક દિવસ દુઃખદાયી ઓર પણ આવે છે. તેથી જ રીતે મનુષ્યના જીવનમાં પણ છે. કોઈક વખત મનુષ્યના જીવનમાં ખુબ ખુશીના દિવસો આવે છે. તો કોઈક દિવસ ખુબ દુઃખ આવી પડે છે. આમ, જીવનમાં એક દિ' ની જેમ વિતાવવા પડે છે. તો કેટલાક દિવસ "રોજા" ની જેમ ભુખ્યા રહીને વિતાવવું પડે છે આથી, જ કોઈક કવિએ કહ્યુ છે કે.

"ઊંચાનીચા થયાં કરે દરિયાના આ મોજા
જીંદગીમાં કો'દિન ઈદ, તો કો'દિ રોજા"

આમ, સમયજ બળવાન છે. જો સમય અટકી પડે તો બધુ જ અટકી પડે જો આપણે કરોડપતિ હોઈએ તો જીંદગીના સંજોગો બદલાતા આપણે "રોડપતિ" પણ બનવું પડે છે આથી, આપણું જીવન નિશ્ચિત નથી. ક્યારેય શું થઈ જાય એ કોઈ જાણતુ નથી. આથી. કોઈ શાણા માણસે કહ્યું છે કે.

"સમય પોતે જ પ્રશ્નાર્થ ચિહ્ન છે.
તેને ક્યાં પૂર્ણ વિરામ છે?"

આમ, જીવનરૂપી ઘટમાળ નિરંતર ચાલુ રહેવાની છે. તેની સાથે આપણે પણ રહેવુ પડે.

વિભાગ.................

વિભાગ - C

* પત્રલેખન :—

૧ * ટી.વી. જોવાથી અભ્યાસ પર માઠી અસર થાય.

૩૩૭, C/૫ ત્રિમંદિર,
સંકુલ સેક્ટર નં, ૩,
અડાલજ.
તા: ૧૧/૩/૨૦૧૫

પ્રિય મિત્ર,
સાદર પ્રણામ

ગઈ કાલે જ તારો પત્ર મળ્યો. અહીંયા બધાં ખુશ છે. હું ઈચ્છું કે ત્યાં પણ બધાં ખુશ હશે. પણ મને એક દુઃખ થયું હું તે અહીં તને જણાવવા માંગુ છું.

અમારે ત્યાં પણ ગયા વર્ષે નવું ટીવી. લાવવામાં આવ્યુ હતું. ટી.વી. લાવ્યાની સાથે અમે સૌ તેના દીવાના થઈ ગયા. કોઈને ટીવી સિવાય ચાલતું જ નહિ. અમે શાળાએથી આવીને દફતર મુકીને ગણવેશ બદલ્યા વિનાં ટીવીની સામે ગોઠવાય જતા. જમવાનું પણ ટીવીની સામે જ! વધુ પડતી ટીવી જોવાની કારણે અમે અમારા અભ્યાસ પર પુરતું ધ્યાન ન રાખી શક્યા. શાળામાં લેવાયેલી ત્રીમાસિક પરીક્ષામાં પણ અમારાથી

વિભાગ..................

બધા જ વિષયમાં પાસ ન થઈ શકાયું.
ટીવીના કારણે અમારૂ મન અન્ય બાબતમાં
લાગતુ જ હતું. અમારી એકાગ્રતા પણ તૂટી
ગઈ હતી. ટીવીનો ભૂત અમારી પર એ રીતે
સવાર હતો કે અમે બપોરે ટીવી જોવા બેસીએ
કે રાત્રે આવતા તમામ પ્રોગ્રામ જોઈ નાંખતા.
વધુ પડતી ટીવી જોવાને કારણે મારી નાની બહેનને
ચશ્મા આવી ગયા.

દોસ્ત! "મારી જેમ તું પણ ટીવીનો શોખ
તારા અભ્યાસ પર સવાર નહિ થવા દેતો".
તું તારા ટીવી જોવાના શોખ પર કાબૂ
રાખીશ. તારા માતા-પિતાને મારા પ્રણામ
નાની બહેન પિનલને મારો પ્રેમ.

લો.જ. લિ
તારો પ્રિય મિત્ર
અ.બ.ક.

વિભાગ..................

10 * અહેવાલ :–

"રક્તદાન શિબિર"

સુરત;
તા: 28/1/2015.

અમારી શાળામાં 26/1/2015 એટલે કે "પ્રજાસત્તાક દિન" નિમિત્તે "રક્તદાન શિબિર" નું આયોજન કરવા કર્યું હતું. શાળાના આચાર્યએ "દીપપ્રાગટ્ય" વગેરે વિધી પતાવી દીધી બાદ આચાર્યશ્રીએ શહેર જાણીતા ડોક્ટરોને "રક્તદાનનું મહત્વ" સમજાવવા માટે શાળામાં બોલાવ્યા હતા. તેઓએ અમને "રક્તદાન એ મહાદાન" કેવી રીતે બની શકે તે અંગે અમને સલાહ આપી. તેઓએ જણાવ્યું, કે દરેક સ્વસ્થ વ્યક્તિએ રક્તદાન કરવું જોઈએ. તેનાથી કોઈ નુકશાન થતું નથી. તેઓએ તો એમ પણ કહ્યું કે એક સ્વસ્થ વ્યક્તિએ દર ત્રણ મહિને 250 ml લોહી આપવી શકે. અમારી શાળામાં રક્તદાનને લગતા ઘણાં બધા બેનરો હતા. આમાં ઘણાં સુત્રો જેમ કે "રક્ત આપો જીવન બચાવો" હતા. આમારી શાળાના રમતના મેદાનમાં રક્તદાન માટેના ખાટલા તથા જરૂરી બધા જ સામાનોની વ્યવસ્થા સ્કૂલ તરફથી

વિભાગ..................

કરવામાં આવી હતી. શાળાના ધો.૧૨ના આશરે ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ રક્તદાન કર્યું હતું. રક્તદાન કરવા બદલ તેમને શાળા તરફથી દરેક વિદ્યાર્થીઓને એક બિસ્કિટ ભેટમાં આપવામાં આવી. આમ, કાર્યક્રમના અંતે આચાર્યએ ખૂબ જ નાની પણ પ્રેરણાદાયક વક્તવ્ય આપ્યું. તેઓએ અંતે ડોક્ટરો તથા વિદ્યાર્થીઓને તેમનો કિંમતી સમય આપવા બદલ આભાર માન્યો. અને અંતે આઈસક્રીમના સ્વાદ સાથે તેઓએ વિદાય લીધી.

વિભાગ........

## વિભાગ - D

* ભાષાશુદ્ધિ :-

11. "ભાઈ તને કોઈએ ભરમાવ્યો છે.' હું
જસુબી. નથી કહી મેં કમાડ બંધ કરવા
માંડ્યું તો એ અંદર આવવા લાગ્યો. અને
કહે : માતાજી આજ દિવસ સુધી તમને
જોવાનું મળ્યું તે સામું તો જુઓ!"
હું ચીડાય ગઈ 'વળી તુ જોવાનું મળિનાર
કોણ'?

12. વૃક્ષોને લહેરાતી ચાંદની ડાળીઓ, વાસંતી ફૂલોને
ને નવપલ્લવોને નજરે નિહાળતા સ્વામીજી
સ્વયં એક બોધિવૃક્ષ નથી? નજીક આવીને
ઊભા રહેતા કિરણો બધી શીતળતા
કિરણો બધા આહલાદ અનુભવ છે! ઉદ્વેગો
ઊંઘાવી આપોઆપ શમી જાય છે.
અનેકવિધ અહમ-બોજ જાણતા હોય તેમ
મનહૃદય હળવા ફૂલ થઈ ગયા છે. એમ
લાગે છે.

વિભાગ..................

15

* નિબંધ :-

13 " સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા "

આપણા આ અમુલ્ય જીવનમાં સ્વચ્છતાનું ખુબ મહત્વ છે કહેવાયું છે ! સ્વચ્છતા ત્યાં શિતળતા, "સ્વચ્છતા ત્યાં પ્રામાણિકતા" તથા "સ્વચ્છતા ત્યાં નિર્મળતા" એમ સ્વચ્છતા અંગે વિવિધ સુત્રો પ્રચલિત છે. અરે! ગાંધીજીએ તો ત્યાં સુધી જણાવી દીધુ હતું કે.
" સ્વચ્છતા ત્યા પ્રભુતા "

"સ્વચ્છતા" આ સાડા ચાર અક્ષરનો શબ્દ સાંભળતાજ કેવો નિર્મળમય અનુભવ થાય છે. સ્વચ્છતાનો સામાન્ય અર્થ થાય છે સાફસફાઈ! આપણે રોજ સવારે ઉઠીને આપણા શરીરને સાફ કરીએ છીએ શરીરના વિવિધ અંગો નાક, કાન, પગ, હાથ વિવિધ ભાગોને સાફ કરીએ છીએ.

આજે સ્વચ્છતાનું મહત્વ કાંઈ ઓછુ નથી? આપણા દરેક પુરાણોમાં સાફ-સુંદર થઈને જ ભગવાની ભક્તિ કરવા પર ભાર મુકવામાં આવ્યો છે. જો આપણે કપડાં સાફ સુતરા પહેરીએ છે તો આપણું મન પણ સાફ તથા પ્રફુલિત થાય છે. જો મન પ્રફુલ્લિત હોય તો કાર્ય પણ સારી રીતે થાય છે. આથી જ આપણા ઋષિમુનિઓએ કહ્યું છે કે '...

વિભાગ.................. 16

"Sound Body in Sound mind"

અર્થાત - "સ્વસ્થ તન માં સ્વસ્થ મન" વસે છે. વિદેશમાં સ્વચ્છતાને ખૂબ જ મહત્વ અપાય છે. ત્યાં કોઈ રસ્તા પર થુંકતું નથી કે રસ્તા પર વસ્તુઓ ગમે તેમ નાંખતા નથી. તેઓ રસ્તા પર કોઈક પડેલી વસ્તુ દેખાય તો તેને ઊંચકી લેવામાં પોતાની ફરજ માને છે.

અરે! વર્ષે અમેરિકાની એક ટીવી ચેનલમાં આવા સમાચાર આવેલા કે ફળના એક કરંડિયામાંથી એક માખી મળી આવી છે. આ ખબરે અમેરિકામાં ભારે ખળભળી મચાવી હતી. અને ત્યારબાદ તે માખીનો નાશ કરાયો હતો. કહેવાનો મતલબ કે, ત્યાંના નાગરિકો સ્વચ્છતા પ્રત્યે કેટલા જાગૃત છે.

ભારત સરકાર તરફથી પણ સ્વચ્છતા જાળવવાના ઘણાં પ્રયત્નો થાય છે. હાલમાં જ આપણાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એ "સ્વચ્છ भारत अभियान" ને શરૂ કર્યું. આ અભિયાન ને હેતુ માત્ર લોકોમાં જનજાગૃતિ ફેલાવવાનું છે. આ મીશન નો હેતું ગાંધીજીની 150 મી જન્મજયંતિ નિમિત્તે ભારતને સંપૂર્ણ પણે સ્વચ્છ બનાવવાની છે. આ માટે ખૂબ જ જાણીતું સુત્ર છે "स्वच्छ भारत निर्मल भारत
एक कदम स्वच्छता की ओर"

## Supplementery / પુરવણી - 1

★ અહીંથી જ લખવાનું શરૂ કરવું ★

વિભાગ..................

1

"Each Coin has two Sides"

અર્થાત :– દરેક સિક્કાને બે બાજુ હોય છે સ્વચ્છતાના ફાયદા ઘણા છે. તેમ તેના ગેરફાયદા ઘણા ઘણા છે. સ્વચ્છતા ન રાખવાથી ગંદકીનું પ્રમાણ વધે છે તેમ રોગચાળાનું પ્રમાણ વધે છે આમ, લોકોની મૃત્યુની સંખ્યામાં વધારો થાય છે. સ્વચ્છતા ન રાખવાથી તે સ્થળની સ્થિતી ખરાબ થતી જાય છે. ગંદકીને કારણે મચ્છરો. માખીનું પ્રમાણ વધે છે. તેનાથી વિવિધ રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લુ જેવા રોગોની મહામારી થાય છે

આમ, આપણે "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" નુ મહત્વ સમજીને સ્વ સ્વચ્છતા જાળવવી જોઈએ તેનાથી નુકશાન કોઈ નથી માત્ર ફાયદો જ છે